RESEARCH REVIEW JOURNALS
Volume-05
Issue-12
December-2020
ISSN: 2455-3085 (Online)
RESEARCH REVIEW International Journal of Multidisciplinary
www.rrjournals.com[Peer Reviewed Journal]
DOI: https://doi.org/10.31305/rrijm.2020.v05.i12.038

# શાંતિ : આંતરરાષ્ટ્રીય પરિપ્રેક્ષ્યમાં

ડૉ. રંજના ધોળકિયા

*આસી. પ્રોફેસર, રાજયશાસ્ત્રવિભાગ, સમાજવિદ્યા ભવન, ગુજરાત યુનિવર્સિટી, નવરંગપૂરા, અમદાવાદ*

૨૦મી સદીમાં આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે માનવીની મુખ્ય ચિંતા વિશ્વ શાંતિ અંગેની રહી છે ભૂતકાળમાં પણ જ્યારે કટોકટી ઉભી થઈ અને યુદ્ધોના વાદળ ઘેરાયા ત્યારે શાંતિ અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી પરંતુ બીજા વિશ્વ યુદ્ધ બાદ શસ્ત્રોની વિનાશકારક ક્ષમતામાં થયેલ અનેક ઘણો વધારો અને પર્યાવરણના પ્રશ્નોને લીધે માનવ જીવનના અસ્તિત્વ સામે જ ખતરો ઉભો થયો છે. આમ શાંતિની જરૂરીયાત અનિવાર્ય બની છે. માનવ ઇતિહાસમાં શાંતિમય સહઅસ્તિત્વ દ્વારા આદર્શ સમાજવ્યવસ્થા સ્થાપવાની કલ્પના કરવામાં આવી રહી છે. વિભિન્ન તત્વજ્ઞાન અને ધાર્મિક પરંપરાઓમાં શાંતિની કલ્પના અને તેના સિદ્ધાંતોનો ખ્યાલ જુદી જુદી રીતે કરવામાં આવ્યો છે. લગભગ ૩૦૦૦ થી પણ વધુ વર્ષો પહેલા ભારત, ઈજીપ્ત, ચીન, અને ઈરાનમાં ધર્મોની સ્થાપના દ્વારા તેની શરૂઆત થઇ હતી. આ સમય દરમિયાન એકેશ્વરવાદની શરૂઆત થઇ અને મૂલ્યોનું ધારાધોરણ નક્કી કરવામાં આવ્યું કે જ્યારે બળીયાના બે ભાગ કરતા માનવ બુદ્ધિ અને જ્ઞાન કરતા શાંતિનો માર્ગ હાંસલ કરવા માટે ઉપદેશ આપવામાં આવતો હતો.(૧)

ભૂતકાળનો ઈતિહાસ જોતા પણ જણાશે કે હિંસા દ્વારા શાંતિ સ્થાપવાના પ્રયાસો કેટલીય વાર નિષ્ફળ થતા આવ્યા છે એ પછી પરશુરામ ,સિકંદર ,નેપોલિયન બોનાપાર્ટ કે હિટલર હોય. ભવિષ્યમાં આગળ જતા પણ તે માત્ર નિષ્ફળ જ જશે એટલું નહિ, પણ સમગ્ર માનવતાને પણ નિષ્ફળ બનાવી દેશે. માનવે તીર કામઠાથી લઇ અણુશક્તિને વિકસાવી છે જ્યાં તે વધુ વિકસી અને પૂર્ણતાએ પહોંચી છે ત્યાં તેણે રાક્ષસી સ્વરૂપ સમાજ સામે સ્પષ્ટ કર્યું. હવે વિશ્વને એ શક્તિનું આકર્ષણ નથી રહ્યું. અને જો હવે હિંસાનું આકર્ષણ નથી રહ્યું તો જે કઈ પણ કટોકટી કે સમસ્યા હોય તેનું નિવારણ અહિંસાની યુક્તિ દ્વારા હલ કરવાની રીત શોધાવી જોઈએ.વ્યક્તિગત રીતે અહિંસાની શક્તિના વિકાસના પ્રયાસો મહા પુરુષો દ્વારા થયા અને તેને કારણે સમાજમાં અહિંસાની પ્રતિષ્ઠા પણ છે પરંતુ તેના થકી સામાજિક પ્રશ્નો હલ થાય એવો વિશ્વાસ પેદા થાય એવો કોઈ પ્રયોગ થયો નથી

૧૯૫૫મા થીઓડોર એફ લેન્ટ્ઝ જેમને ઘણા ‘લોકો શાંતિ સંશોધનના પિતા’ તરીકે ઓળખે છે. જેમણે વિશ્વ શાંતિના લક્ષ્ય હાંસલ કરવા પાંચ મહત્વની બાબતોમાં આસ્થા દાખવવાનું સુચન કર્યું

૧. માનવ સમાનતામાં આસ્થા રાખવાનું ધ્યેય
૨. તથ્યો પર વિશ્વાસ રાખીને સાધ્યની પ્રાપ્તિ
૩. માનવ સમજણ શક્તિમાં વિશ્વાસ રાખીને સાધનની પ્રાપ્તિ
૪. વિજ્ઞાનમાં વિશ્વાસ રાખી કાર્ય પદ્ધતિ નક્કી કરવી
૫. લોકશાહી અથવા અથવા માનવતાવાદી હેતુઓ પર વિશ્વાસ. (૨ )

પશ્ચિમી દ્રષ્ટિકોણથી જોઈએ તો શાંતિ વ્યક્તિ અને રાજ્ય, રાજ્ય અને રાજયોના સંબંધો પર નિર્ભર છે, જ્યારે ભારતીય દ્રષ્ટિકોણથી શાંતિ માત્ર વ્યક્તિ અને વ્યક્તિના વિકાસ પર નિર્ભર ન રહેતા સમાજ, રાષ્ટ્રની સીમાઓથી પર બ્રહ્માંડની શાંતિ પર આધારિત છે. વ્યક્તિના અવગુણ કામ, ક્રોધ, લોભ, ઈર્ષ્યાનો અંત આણી કુટુંબ, પાડોશી, દેશ તથા સમગ્ર સૃષ્ટિ સાથે પ્રેમ અને સહયોગ પૂર્ણ સંબંધોમાં શાંતિ સમાયેલી છે. સાંસ્કૃતિક અને ધાર્મિક દ્રષ્ટિકોણમાં શાંતિનું સ્વરૂપ ન્યાય, સમાનતા, સ્વતંત્રતા, જીવનની પૂર્ણતા, માનવીય ગૌરવના મૂલ્યો વગેરેમાં જોઈ શકાય છે. તેનું કારણ વિભિન્ન દેશોની વિભિન્ન ઐતીહાસિક, રાજકીય, સામાજિક અને સાંસ્કૃતિક પરિસ્થિતિ અને આવશ્યકતાઓ. શાંતિની ક્ષિતિજ અમાપ કહી શકાય તેટલી વિસ્તૃત છે.તેથી વિભિન્ન વિદ્યા શાખાના વિદ્વાનોએ શાંતિને વિભિન્ન દ્રષ્ટિ અને સ્વરૂપે પરિભાષિત કરવાના પ્રયાસો કર્યા છે તે પછી મુલ્યો, ન્યાય, વ્યક્તિ વિશેષ, વિકાસ, રાષ્ટ્ર, રાજ્ય કે બ્રહ્માંડ હોય.

ભારતીય સમાજમાં સદીઓથી શાંતિ અંગે ચિંતા રહી છે. ભારતીય સમાજમાં ભાગ્યે જ કોઈ ધર્મશાસ્ત્ર કે ધાર્મિક વિધિઓ એવી હશે કે જેની શરૂઆત અને અંત શાંતિના મંત્રથી થતો નહિ હોય. આજે વિશ્વમાં શાંતિ આંદોલનો દ્વારા પૃથ્વી ઉપર,સમુદ્ર ઉપર અને અવકાશમાં શાંતિની વાતો કરવામાં આવે છે. પરંતુ ભારતીય સંસ્કૃતિમાં ભ્રહ્માંડમાં શાંતિની કલ્પના કરવામાં આવી છે. એક વિખ્યાત ધાર્મિક શાંતિ પાઠમાં

RRIJM 2015, All Rights Reserved

માનવીના મનની શાંતિ, પૃથ્વીની શાંતિ, સમુદ્રતટ અને અવકાશમાં શાંતિનો વિચાર રજૂ કરવામાં આવ્યો છે.શાંતિની વ્યાખ્યામાં સમુદાયો અને સંસ્થાઓની સાથે સાથે વ્યક્તિઓની શાંતિનો પણ તેમાં નિર્દેશ કરવામાં આવેલો છે. બ્રહ્માંડમાં શાંતિ હાંસલ કરવા માટે દરેક વ્યક્તિએ શાંતિ હાંસલ કરવી એ જરૂરી અને પર્યાપ્ત શરત છે. આમ ભારતીય સંસ્કૃતિમાં શાંતિનું મુખ્ય કેન્દ્ર વ્યક્તિ છે, જો વ્યક્તિઓ શાંતિ પ્રાપ્ત કરી શકશે તો સમાજિક શાંતિ સ્થપાશે. આમ શાંતિનો મુખ્ય ઉદ્દેશ્ય વ્યક્તિ અને સમાજ વચ્ચે સુમેળ સાધવાનો છે.(૩ )

ગાંધીજી કહે છે કે વ્યક્તિ ત્યારે જ શાંતિ હાંસલ કરી શકશે જ્યારે તેનામા માનવતા આવશે, જે અહિંસા થકી જ શક્ય છે. વિશ્વ કટોકટીના નિવારણ માટે ગાંધીજીએ અહિંસાનો વ્યાપક ઉપયોગ કરતા તેમણે સાધન અને સાધ્યની એકરૂપતાની વાત કરી છે તે કહે છે કે- "સાધન એ બીજ બરાબર છે ,જેનું લક્ષ્ય સાધ્ય રૂપી વૃક્ષ છે. જેવી રીતે વૃક્ષ અને બીજ વચ્ચે અપરિહાર્ય અતુટ સંબંધ છે તેવી જ રીતે સાધન અને સાધ્ય વચ્ચે પણ છે"(૪ ).. બાવળનું વૃક્ષ વાવીને આંબાની ફસલ ઉગાડી ના શકાય તેવી જ રીતે અનીતિ પૂર્ણ વ્યવહારથી સ્થાયી શાંતિ પ્રાપ્ત થઈ સકતી નથી.


શાંતિ હિંસાના અભાવ તરીકે -આ વિચારધારા વધુ પ્રચલિત ક્યારે બની? તે પરિપ્રેક્ષ્યમાં વિચારતા જણાશે કે, તે ઉત્તર અમેરિકા અને યુરોપની કેટલીક સંસ્થાઓ દ્વારા વિશ્વવ્યાપી બની કે જ્યાં બીજા વિશ્વ યુદ્ધ બાદ શીત યુદ્ધ દરમિયાન બંને મહા સત્તાઓ વચ્ચે "પરસ્પર અવિશ્વાસ અને શસ્ત્ર સ્પર્ધામાં પ્રચંડ વધારા"એ ધ્યાન કેન્દ્રિત કર્યું હતુ. જેની આંતરરાષ્ટ્રીય સંબંધો પર વિપરીત અસરો પડી હતી ત્યારે શાંતિના સ્વરૂપમાં યુદ્ધને રોકવાના પ્રયાસો કરવા અતિ આવશ્યક જણાયા કારણ કે, વિશ્વમાં અણુંરૂપી વિશાળકાય રાક્ષસનો જન્મ થઇ ચુક્યો હતો તેનાથી વિશ્વ સમાજને રક્ષવા શાંતિ પ્રસ્થાપિત કરવા માટે શાંતિ એટલે કે, " હિંસાનો અભાવ " નો વિચાર બહાર આવ્યો.

શાંતિના વિચારકોનું કહેવું છે કે,- માનવ ઈતિહાસ યુદ્ધોનો ઈતિહાસ છે. માનવને યુદ્ધ પ્રક્રિયાથી દૂર કરી શકાય નહિ કારણ કે, માનવી બુદ્ધિજીવી પ્રાણી હોવાની સાથે સાથે આગળ વધવાની ઈચ્છા શક્તિ ધરાવે છે. આ ઈચ્છા શક્તિને કારણે વ્યક્તિ વ્યક્તિ અને રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચે યુદ્ધો થતા રહેતા હોય છે. ક્વીન્સી રાઈટ કહે છે કે, " યુદ્ધકળા એ માનવ જીવનમાં અસ્તિત્વ ધારાવતું સ્થાયી લક્ષ્ય છે(૫) મહાન ઇતિહાસકાર આર્નેલ્ડ હોયન્બી તો એવું માને છે કે ભૂતકાળની સભ્યતાના વિનાશનું મુખ્ય કારણ યુદ્ધો હતા. આજ પ્રમાણે યુદ્ધની ભયંકરતા બતાવતા યુસી હાઈટે કહ્યું છે કે," શાંતિમાં યુવાન ઘરડા લોકોને દફનાવે છે જ્યારે યુદ્ધમાં ઘરડા લોકો યુવાનોને દફનાવે છે" (In peace young bury the old and in a war old bury the young.) કોટિલ્યનું પણ કહેવું છે કે, " જો યુદ્ધ અથવા શાંતિ માંથી કોઈ એકની પસંદગી કરવાની હોય્ય તો શાંતિ ને પસંદ કરો કારણ કે શાંતિ દ્વારા જ લોકો આબાદ થાય છે કે ઉન્નતી પામે છે."(૬)

કેનેથ બોલ્ડુંગ સ્થિર શાંતિ અને અસ્થિર શાંતિનો ખ્યાલ રજુ કરે છે તેમના મતે સ્થાયી શાંતિ એટલે એવી પરિસ્થિતિ જેમાં યુદ્ધ થવાની શક્યતાઓ એટલી બધી ઓછી હોય છે કે તે સાથે સંકળાયેલી વ્યક્તિઓની ગણતરીમાં જ તે આવે નહિ (૭ ) આમ આ વિચારધારામાં શાંતિ એટલે હિંસાનો અભાવ તેવો માર્યાદિત અર્થ કરવામાં આવે છે.

શાંતિ એટલે હિંસાનો અભાવ કે હિંસાની ગેરહાજરીના સંદર્ભમાં પણ પરિભાષિત છે. વિશ્વના મુખ્ય ધર્મો જેવા કે ઈશાઈ, જૈન, બુદ્ધ વગેરેમાં " અહિંસાની હાજરી" ને શાંતિનું નામ આપવામાં આવ્યું છે. મહાત્મા ગાંધી પણ વ્યક્તિ અને સમાજમાં કોઈ પણ પ્રકારની હિંસા ન થાય તેવી પરિસ્થિતિને શાંતિ માનતા હતા.

શાંતિ હિંસાની ગેરહાજરીમાં




RRIJM 2015, All Rights Reserved 

શાંતિના આ સ્વરૂપના પ્રણેતા જ્હોન ગોલ્ટૂંગ આકૃતિ દ્વારા સમજાવે છે કે રાષ્ટ્રો અને માનવ સમુદાયમાં હિંસા બે સ્વરૂપની હોય છે (૧) પ્રત્યક્ષ હિંસા (૨) અપ્રત્યક્ષ કે સમાજગત હિંસા.(૮) પછી તે કહે છે કે પ્રત્યક્ષ હિંસાની ગેરહાજરીમાં નકારાત્મક શાંતિની સ્થાપના થાય છે જ્યારે સમાજ્ગત હિંસાની ગેરહાજરીમાં સકારાત્મક શાંતિ ઉત્પન્ન થાય છે અને આ બંને શાંતિ સમાજ, રાષ્ટ્ર અને વિશ્વ પર સંપૂર્ણ શાંતિ સ્થાપિત કરે છે.

તેમના મતે નકારાત્મક શાંતિમાં પ્રત્યક્ષ હિંસાનો અભાવ કે હિંસાની ગેરહાજરી હોય છે પ્રત્યક્ષ હિંસામાં રાષ્ટ્રો વચ્ચેના યુદ્ધો, વ્યક્તિગત હિંસા, ગૃહયુદ્ધો, સામાજિક લોકસમૂદાયો વચ્ચે અથવા તો જુદાજુદા સાંસ્કૃતિક લઘુમતી કોમો વચ્ચેના તોફાનો તે ઉપરાંત યુદ્ધો માટેની તૈયારી, શસ્ત્રોનો વેપાર,લશ્કરી જૂથોની રચના, પ્રત્યક્ષ શારીરિક નુકશાન કરવું, ભૌતિક સંશાધનોનો નાશ કરવો વગેરે પ્રત્યક્ષ હિંસાના ઉદાહરણો છે. એવું કહેવામાં આવે છે કે પ્રત્યક્ષ હિંસા માનવીય અવગુણોથી ઉત્પન્ન થાય છે. જેવી કે ક્રોધ, લોભ, અતિ સંગ્રહ વૃતિ, ઈર્ષ્યા, હરીફાઈ, અંધવિશ્વાસ કે જે પ્રત્યક્ષ હિંસાને પ્રેરે છે આ હિંસાથી પ્રેરિત થઇ મનુષ્ય સંપ્રદાય, સ્વાભિમાન કે અધિકારના નામે સમાજમાં શાંતિના બદલે વિઘ્નો નાખે છે. સાંપ્રત સમયના સાંપ્રદાયિક દંગાફસાદ પ્રત્યક્ષ હિંસાનાં ધોતક છે જેનો સૌથી વધુ ઉપયોગ આતંકવાદીઓ કરી રહ્યા છે. આંતકવાદના કારણો સમાજમાં જ ઉપલબ્ધ છે જેવા કે બેરોજગારી, બેકારી, અતિ ધનિક ગરીબના ભેદભાવ,રાજનિતિજ્ઞોનું સ્વાર્થી નીતિનિર્માણ કાર્ય, આત્મનિર્ણયના અધિકારોનું હનન, લિંગભેદમાં વૃદ્ધિ, શૈક્ષણિક વ્યવસ્થામાં ખામી, અન્યાયી પૂર્ણ આર્થિક વ્યવસ્થા, જેવા કારણો બહાર આવ્યા જે સમાજ્ગત હિંસાના કારણો છે શાંતિ વિચારકોનું માનવું છે કે સમાજગત હિંસાને સમાપ્ત કરશો તે પછી જ પ્રત્યક્ષ હિંસાને રોકી શકાય છે. એવી પણ એક માન્યતા છે કે માનવીય ગુણો વિકાસ કરીને પણ પ્રત્યક્ષ હિંસા ને રોકી શકાય છે સત્ય ,પ્રેમ, ત્યાગ, સહયોગની ભાવના, ભાઈચારો, અપરિગ્રહ વગેરે દ્વારા માનવીય ગુણો વિકસાવી પ્રત્યક્ષ હિંસાને રોકી શકાય છે

સકારાત્મક શાંતિ એટલે સમાજગત હિંસાનો અભાવ કે હિંસાની ગેરહાજરી. સમાજગત હિંસા એવા પ્રકારની અન્યાયી સામાજિક વ્યવસ્થા જેના દ્વારા પ્રત્યક્ષ હિંસાની પરિસ્થિતિ ઉભી થાય છે, પરિણામે રાષ્ટ્રો કે સમુદાયોનો યોગ્ય વિકાસ થઈ શકતો નથી. રંગભેદની નીતિ અને ગુલામી પ્રથા સમાજ્ગત હિંસાના ઉત્તમ ઉદાહરણો છે. રંગભેદની નીતિને કારણે દક્ષિણ આફ્રિકામાં માનવ અધિકારો અને માનવ સ્વતંત્રતાનું થયેલ હનન તેમજ આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય સ્તરે ગરીબો અને અમીરો વચ્ચેની અસમાનતા પણ એક પ્રકારની સમાજ્ગત હિંસા છે. આજે લોકોની પાયાની જરૂરીયાત પૂરી પાડી શકાય તેટલા પ્રમાણમાં નાણાકીય, ભૌતિક અને અન્ય સાધનો ઉપલબ્ધ છે છતાં પણ વિશ્વની એક અબજથી વધુ પ્રજા પાયાની જરૂરીયાતોથી વંચિત છે તેના મૂળ સમાજગત હિંસામાં રહેલા છે.(૯)

ગાંધીજીએ એ કહ્યું છે કે-' જો શાંતિમય સમાજ પ્રસ્થાપિત કરવો હોય તો પોતાના જીવનમાં અહિંસાના મુલ્યો લાવવા જોઈએ. આપણે જીવન પદ્ધતિમાં અહિંસાને અપનાવતા નથી અને શાંતિ લાવવાની વાતો કરીએ છીએ. ગાંધીજીએ આ વાત પર ભાર આપતા કહ્યું કે ,'અહિંસા એક એવી શક્તિ છે ,જેનો સૌ કોઈ બાળક,યુવાન,સ્ત્રી,પુરુષ, કે ધરડાં સમાન રૂપમાં ઉપયોગ કરી શકે છે, શરત માત્ર એટલી કે પ્રેમરૂપી ભગવાનમાં જીવતી જાગતી શ્રદ્ધા રાખવી અને દરેક માનવોને સમાન પ્રેમ કરવો. જયારે અહિસાને જીવનના કાયદાના રૂપમાં સ્વીકાર કરી લેવામાં આવે છે ,ત્યારે તેનો ઉપયોગ અલગ અલગ કાર્યોમાં જ નહિ થવો જોઈએ પરંતુ સમગ્ર જીવનમાં કરવો જોઈએ(૧૦) ગાંધીજી કહે છે કે- 'મેં બાળપણથી જ જાણ્યું છે કે અહિંસા એવો ગુણ નથી કે જેનું કોઈ એકાંત સ્થાન પર એકલો જ વ્યક્તિ પોતાની શાંતિ અને મોક્ષ માટે પાલન કરે, પરંતુ તે સમગ્ર સમાજ માટે સદાચારનો નિયમ છે, જો સમાજ માનવ પ્રતિષ્ઠાની રક્ષા કરતા કરતા જીવવા માંગે છે અને શાંતિની સ્થાપનાની દિશામાં જેના માટે આ યુગ વર્ષો થી તરસે છે તો તેમણે આગળ વધવું જોઈએ અને અહિંસાના નીયમોનું પાલન કરવું જોઈએ."(૧૧)

ગાંધીજી ના મતે અહિંસાનું અતિ સૂક્ષમ સ્વરૂપ પણ છે કોઈ વ્યક્તિ માટે ખરાબ વિચારવું કે ખોટી ભાવના રાખવી એ પણ હિંસા છે. તેમના મતે શાંતિને શોષણ યુક્ત સમાજ વ્યવસ્થામાં અહિંસક રૂપે પરિવર્તન લાવતા સ્થાયી કરી શકાય છે વિશ્વ શાંતિ માટે ગાંધીજીએ એક નવી પદ્ધતિ યોજના અને ફિલસુફી વિકસાવી હતી તે છે અહિંસા જે સાંપ્રત સમયે પણ વૈશ્વિક કટોકટીઓના નિવારણ માટે પ્રબળ શસ્ત્ર છે,સાધન છે. આજ સુધી જે અહિંસા વ્યક્તિગત સ્તરે જ અપનાવાય હતી. એનો સામાજિક, રાજકીય અને આર્થિક સમસ્યાઓના ઉકેલ માટે ઉપયોગ કરવાનો આદેશ આપનાર તેઓ પ્રથમ ચિંતક અને રાજકીય નેતા હતા. શાંતિ માટે સત્ય અને અહિંસાનો માર્ગ અપનાવી સમૂહો વચ્ચે અને રાષ્ટ્રો વચ્ચે સ્થાયી શાંતિ સ્થાપી શકાય છે (૧૨)

ગાંધીજી સ્થાયી શાંતિમાં વિશ્વાસ કરતા હતા જો મોટા મોટા રાષ્ટ્રો પોતાની લાભ વૃતિ નહિ છોડે ત્યાં સુધી સ્થાયી શાંતિ કોસો દુર રહશે . ગાંધીજી માનતા હતા કે -'સ્થાયી શાંતિની સંભાવનામાં વિશ્વાસ ન કરવો એ ઈશ્વરીય અંશમાં અવિશ્વાસ કર્યા બરાબર છે. તેથી આજ સુધીમાં અપનાવવામા આવેલ રીત એટલા માટે અસફળ રહી કે જે લોકોએ શાંતિ માટેના પ્રયત્ન કર્યા તેમનામાં દઢ કાર્ય નિષ્ઠા નો અભાવ હતો જ્યાં સુધી મોટા રાષ્ટ્રો આત્મઘાતક પ્રતિસ્પર્ધામાં પોતાની જરૂરિયાતો વધારવામાં અને તેથી ભોતિક સંપતિ વધારવામાં વિશ્વાસ રાખવાનું નહિ છોડે ત્યાં સુધી સ્થાયી શાંતિની પ્રાપ્તિ અસંભવ જણાય છે(૧૩)

ગાંધીજીએ સમાજને ચેતવણી આપતા કહ્યું હતું કે- 'જો હથિયારો માટે આજે પણ પાગલપનની જેમ સ્પર્ધા ચાલુ જ રહશે તો એનું પરિણામ એવા માનવ સંહારમાં પરિણમશે જે સંસારના ઇતિહાસમાં પહેલા ક્યારેય થયો ના હોય. જો કોઈ વિજેતા રાષ્ટ્ર બચી ગયો, જે કોઈ રાષ્ટ્ર વિજયી હશે ,તેને માટે તે વિજય મૃત્યુ જેવો બની જશે. સર્વનાશનું જોખમ આજે દુનિયાના માથે તોળાઈ રહ્યું છે એનાથી બચવા માટે આ સિવાય બીજો કોઈ માર્ગ નથી કે અહિંસાની પદ્ધતિને તેના ભવ્ય ફલિતાર્થો સાથે ,સાહસપૂર્વક કોઈ પણ શરત વિના સ્વીકારી લેવી જોઈએ'(૧૪)

વિનોબાજી કહે છે કે, "હવે આપણે આ શક્તિના વિકાસનું મનન ચિંતન કરવું જોઈએ અને તેની શોધ કરાવી જોઈએ. ગાંધીજીએ એનો આરંભ કર્યો અને એક દિશા આપી જેનાથી સામુહિક અહિંસાનો માર્ગ ખુલી ગયો છે, પરંતુ તે માત્ર આરંભ હતો હજુ તો એનો ઘણો જ વિકાસ કરવાનો બાકી છે. હવે શાંતિ શક્તિ વૃદ્ધિ માટેની ખોજ કરવી રહી,વૈજ્ઞાનિકોની મદદ લેવી રહી અને ચિંતકોએ ચિંતન કરવું રહ્યું "(૧૫)

ગાંધીજીની આ ફિલસુફી કે વિચારને વિશ્વ સ્વીકારશે તો માનવ સંસ્કૃતિ હિંસા થી અહિંસા તરફ વધશે અને તો જ શાંતિ પ્રસ્થાપિત થશે.

**સદર્ભ સૂચી** :


1 મહેન્દ્ર શાહ –"માનવ અધિકારો શાંતિ અને વિકાસ :વિકાસશીલ રાષ્ટ્રોના સંદર્ભમાં"શાંતિ સંશોધન કેન્દ્ર ,ગુજરાત વિદ્યાપીઠ ,અમદાવાદ પૃ. ૨૦

2 Theodore F.Lentz, Towards a science of peace, London:Halcyon Press,1955.

3 મહેન્દ્ર શાહ –"માનવ અધિકારો શાંતિ અને વિકાસ :વિકાસશીલ રાષ્ટ્રોના સંદર્ભમાં"શાંતિ સંશોધન કેન્દ્ર ,ગુજરાત વિદ્યાપીઠ ,અમદાવાદ પૃ.૨૧

4 હિન્દ સ્વરાજ ,ગાંધીજી પૃ .૬૦

5 Quincy Wright, A Study of War, Chicago: University of Chicago Press, 2nd edition,1965 p.33-41 (shah M P.55)

6 पुश्पा मोतियनी-महिला विकासकी नई दिशाऐ कर्नावती पब्लिकेशनस अहम्दबाद-1998,पु 28

7 Kenneth E. Boulding. Stable peace : Austin : University of Texas press,1978 Pg.13

8 Galtang John ; Violnce, Peace and peace Reswarch' jpr v OL, 6, 1969,Pg.168

9 पुश्पा मोतियनी-महिला विकासकी नई दिशाऐ कर्नावती पब्लिकेशनस अहम्दबाद-1998,पु .33-34

10 આપણે સૌ એક પિતાના સંતાન –ગાંધીજી આર .કે. પ્રભુ પૃ ૧૨૫

11 આપણે સૌ એક પિતાના સંતાન –ગાંધીજી આર .કે. પ્રભુ પૃ ૧૨૪

12 पुश्पा मोतियनी-महिला विकासकी नई दिशाऐ कर्नावती पब्लिकेशनस अहम्दबाद-1998,पु .36

13 The mind of mahatma Gandhi,-R.K.Prabhu,P.59-60

14 The mind of mahatma Gandhi,-R.K.Prabhu,P.63

15 વિનોબા ગ્રંથાવલી -૧૬ પરમધામ પ્રકાશન પૃ .૨૯૪


RRIJM 2015, All Rights Reserved 